23

ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીની કચેરી માટે ૦૧ નવું વાહન ઇનોવા કાર ખરીદવાની તથા ડ્રાઇવર કમ પોલીસ કોન્સ્ટેબલની ૦૧ નવી જગ્યા ઉભી કરવા બાબત

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: એનપીસી/૧૦૨૦૧૯/૩૫૧૮/ડ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૭/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:

ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીનો તા.૨૨/૦૫/૨૦૧૯ ની દરખાસ્ત ક્રમાંક: એસપીસીએ/૩૩૦/૨૦૧૯

**પ્રસ્તાવના:**

આમુખમાં દર્શાવેલ પત્રથી ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીના ઉપયોગ માટે ૦૧-નવી ઇનોવા કાર ખરીદવા તથા ૦૧- ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલની નવી જગ્યા ઉભી કરવા તથા આ માટે ૨૦૧૯-૨૦ ના વર્ષમાં રૂ.૨૪,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચોવીસ લાખ ચાલીસ હજારપુરા)ની જોગવાઇ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીના ઉપયોગ માટે ૦૧- નવી ઇનોવા ક્રિસ્ટા કાર ખરીદવા માટે રૂ.૨૩,૦૦,૦૦૦/- (ત્રેવીસ લાખ પુરા) તથા ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ-૩ (પગાર ધોરણ:૧૮,૦૦૦-૫૬,૯૦૦) ની ૦૧ નવી જગ્યા ઉભી કરવાની તથા તે માટે રૂ.૧,૪૦,૦૦૦/- (એક લાખ ચાલીસ હજાર પુરા) નો ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી આપવામાં આવે છે. ઉકત ખર્ચ નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

**શરતો:**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

૭. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૮. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૯. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૦. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૨. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૧૩. બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા તા.૬/3/૨૦૧૯ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર તેમજ એ જ મોડેલનુ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદી શકાશે નહીં.

૧૪. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૫. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદર હેઠળ ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે મંજુર થયેલ બજેટની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૨ |
| મુખ્ય સદર | : | ૨૦૫૨ સચિવાલય સામાન્ય સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : | ૦૦ |

૨૫

ગૌણ સદર : ૦૯૨ – અન્ય કચેરીઓ

પેટા સદર : ૦૨- સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીનું વ્યવસ્થાપન

ખર્ચનો પ્રકાર : બિન આયોજન/મતપાત્ર

ખર્ચનું ચાર્જેબલ હેડ (૧૧ ડીઝીટ કોડ) : ૨૦૫૨૦૦૦૯૨૦૨

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૦૭-૦૯-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Vaghela
(ચિરાગ વાઘેલા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(3) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

(૪) સેકશન અધિકારી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટી, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૮) સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) વિભાગના સર્વે અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવ

(૧૦) રોકડ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૨) સેકશન અધિકારી, બંદરો અને વાહન વ્યવ્હાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૨) નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઈલ

(૧૩) શાખા સીલેક્ટ ફાઇલ.